For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### અંકલેશ્વર રોયલ એકેડમી કમ્પ્યુટર ક્લાસીસના સંચાલકનું ધો.10, 12 અને ITIની ડુપ્લિકેટ માર્કશીટ કૌભાંડ

# 15 હજારમાં માર્કશીટ, ભરૂચ SOGએ દેશવ્યાપી કૌભાંડ ઝડપી પાડ્યું

**SOGએ** દેશવ્યાપી રેકેટ પકડી પાડવા સાથે બોગસ 21 માર્કશીટ, સર્ટિફિકેટ જપ્ત કર્યા

**ઝડપાયેલો** જયેશ પ્રજાપતિ એક માર્કશીટના રૂ.15 હજાર લઈ દિલ્હીના આરોપી પાસે બનાવડાવી ઓનલાઇન રૂ.7500/- પેમેન્ટ કરતો હતો

(પ્રતિનિધિ) અંકલેશ્વર, ભરૂચ,તા.13

ભરૂચ જીલ્લાના અંકલેશ્વરના રોયલ એકેડેમી કોમ્પ્યુટર કલાસીસનો સંચાલક દેશવ્યાપી ડુપ્લિકેટ માર્કશીટ કૌભાંડ આચરતા ભરૂચ SOGએ દબોચી લીધો હતો.

અંકલેશ્વર શહેરમાં પેટ્રોલિંગમાં રહેલી SOG ટીમના સુરેશભાઈને જયેશ પ્રજાપતિ બોગસ માર્કશીટ અને સર્ટિફિકેટનો ગેરકાયદે ધંધો કરતો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. હેપ્પી કોમ્પ્લેક્ષમાં રોયલ એકેડમી કોમ્પ્યુટર કલાસીસની આડમાં ધોરણ 10-12 અને ITIની ડુપ્લીકેટ માર્કશીટ, સર્ટીફીકેટ બનાવી આપતો હતો. ભરૂચ SOGએ જે આધારે માહિતી આધારે જયેશ પ્રજાપતિના કલાસીસમાં દરોડો પાડ્યો હતો. ક્લાસિસમાંથી દિલ્હી બોર્ડ, ગાંધીનગર મહાત્મા ગાંધી વોકેશનલ ઈન્સ્ટિટ્યૂટ, વોકેશનલ ટ્રેનિંગ, સેકેન્ડરી સ્કૂલ એક્ઝામિનેશન સર્ટિફિકેટ, પ્રોવિઝનલ નેશનલ ટ્રેડ સર્ટિફિકેટ, સાયન્સ, ITIની વિવિધ માર્કશીટ અને સર્ટીફિકેટો મળી આવ્યા હતા. આરોપી બોગસ સર્ટી બનાવવાના 15 હજાર રૂપિયા લેતો હતો. જે દિલ્હીના કોઈ શખ્સ પાસે બનાવી તેને ઓનલાઇન રૂ.7500 પેમેન્ટ કરતો હતો.આરોપીની દેશવ્યાપી બોગસ માર્કશીટ કૌભાંડમાં ધરપકડ કરી 21 ડુપ્લિકેટ માર્કશીટ, કોમ્પ્યુટર, કલર પ્રિન્ટર, મોબાઈલ સાથે ધરપકડ કરાઈ હતી.



### રાષ્ટ્રિયકક્ષાની લક્ષ અને મુસ્કાન પ્રોગ્રામની ટીમ સયાજી હોસ્પિટલની મુલાકાતે

# ગાયનેક અને પીડિયાટ્રીકની સુવિધામાં સુધારા અંગે હોસ્પિટલ પ્રશાસનને સૂચન

**નેશનલ** સર્ટિફિકેશન માટે સેન્ટ્રલ લેવલથી બે એસએસઆર ગ્રુપ ડોકટર રૂપકુમાર બોયા અને સૌમ્યા મોહંતી દ્વારા એસેસમેન્ટ કરાયું



(પ્રતિનિધિ) વડોદરા,તા.13

વડોદરાની એસએસસી હોસ્પિટલ ખાતે આજે કેન્દ્ર સરકારની ખાસ મુસ્કાન અને લક્ષ પ્રોગ્રામની ટીમ મુલાકાતે આવી હતી. જ્યાં સગર્ભા માતાઓ અને બાળકોની હોસ્પિટલ તરફથી આપવામાં આવતી સેવા સારવારનું મૂલ્યાંકન કરશે. આ ટીમે ગાયનેક અને પીડીયાટ્રીક વિભાગમાં નિરીક્ષણ કર્યું હતું.

સરકાર તરફથી કોઈપણ સર્વિસીસને ગુણવત્તા સભર કરવા માટે માપદંડની એક પદ્ધતિ હોય છે. જેને લક્ષ અને મુસ્કાન પોગ્રામ નામ અપાયું છે. જેમાં સ્ટેટ લેવલે મૂલ્યાંકન કરવામાં આવતું હોય છે. જેમાં એસએસજી હોસ્પિટલ સ્ટેટમાં સર્ટીફાઈડ થઇ છે. આજે નેશનલ સર્ટિફિકેશન માટે સેન્ટ્રલ લેવલથી બે એસએસઆર ગ્રુપ ડોકટર રૂપકુમાર બોયા અને સૌમ્યા મોહંતીએ એસેસમેન્ટ માટે એસએસજી હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

એસએસજીમાં માતા અને બાળકોની ગુણવત્તાસભર સેવાનું આકલન કરવામાં આવશે. જેઓ એસેસમેન્ટ કરી બાદમાં તેમના દ્વારા ત્રુટીઓ ખામીઓ હશે તો જણાવશે અને ખૂબીઓ અંગે જણાવશે. જેના આધારે એસએસજીમાં આગામી ફેરફાર કરવાનો પ્રત્યન કરાશે. જેથી એસએસજીમાં આવતી તમામ માતાઓ અને બાળકોની યોગ્ય સાર સંભાળ ઉપરાંત બાળ મરણ,માતા મરણ રોગ બધી બાબતોને ધ્યાને લઈ સારી રીતે નિભાવણી કરી શકાય તેવા પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે.

મૂલ્યાંકનમાં સરકાર દ્વારા તૈયાર કરાયેલી એક ચેક લિસ્ટ હોય છે. તેના આધારે આઠ ડિવિઝન હોય છે. જેમાં સર્વિસ પ્રોવિઝનથી માંડીને આઉટકમ સુધીના આઠ ડિવિઝનને આધારે મૂલ્યાંકન કરવામાં આવશે. જેમાં સ્પષ્ટ જણાવ્યું છે કે આટલી વસ્તુ આમાં હોવી જોઈએ. તે માટે મૂલ્યાંકન કરવામાં આવે છે. એક ખાસ પ્રકારનું તૈયાર કરાયેલું આ ચેકલીસ્ટ હોય છે. જેના આધારે જ મૂલ્યાંકન થતું હોય છે.

# સેવાસી-ખાનપુર રોડ પર અચાનક ઢોર આવી જતાં કારને નુકસાન

**અચાનક** ભેંસ ક્યાંથી આવી? બેદરકાર પશુપાલકો અને નિંદ્રાધીન તંત્રની સાંઠગાંઠે સર્જ્યો અકસ્માત

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા સેવાસી ચેકપોસ્ટથી ખાનપુર તરફ જતા માર્ગ પર રખડતા પશુઓનો ત્રાસ ફરી એકવાર સામે આવ્યો છે. ગુરુવારે આ માર્ગ પર અચાનક એક ભેંસ આવી જતાં એક વાહન કાર ચાલક સાથે તેનો ભયંકર અકસ્માત સર્જાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, વાહનચાલક પોતાના વાહન પર સામાન્ય ગતિ થી ખાનપુર તરફ જઈ રહ્યા હતા. તે જ સમયે, રસ્તા પર અચાનક ક્યાંકથી એક ભેંસ દોડી આવી હતી. અચાનક પશુ આવી જતાં વાહનચાલકને સમયસર બ્રેક મારવાનો સમય મળ્યો નહોતો, જેના કારણે વાહન ભેંસ સાથે જોરદાર રીતે અથડાઈ હતી.

આ અકસ્માતમાં વાહન ક્ષતિગ્રસ્ત થયું થયું હતું, અને વાહનચાલકને સામાન્ય ઈજાઓ, પહોંચી હતી. તાત્કાલિક આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ગભરાઈ ગયેલ ઈજાગ્રસ્ત વાહનચાલકને રોડ ની સાઈડ પર બેસાડી પાણી પીવડાવ્યું હતું. આ અકસ્માતમાં ભેંસને પણ ઈજાઓ થઈ હોવાના અહેવાલ છે.

વડોદરાના વિવિધ વિસ્તારોમાં, ખાસ કરીને સેવાસી-ખાનપુર જેવા આઉટર રિંગ રોડ જેવા માર્ગો પર, રખડતા પશુઓનો ત્રાસ લાંબા સમયથી ચાલી રહ્યો છે. આ રખડતા ઢોર ઘણીવાર રાત્રે કે વહેલી સવારે રસ્તા વચ્ચે આવી જતાં ગંભીર અકસ્માતો સર્જે છે, જેના કારણે લોકો પોતાનો જીવ ગુમાવે છે અથવા ગંભીર રીતે ઘાયલ થાય છે. વારંવારની ફરિયાદો છતાં, મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે નક્કર પગલાં લેવાયા નથી, જે સ્થાનિકોમાં રોષનું કારણ બની ગયું છે.

# ‘રૂ.5 લાખ સામે 10થી 15 ટકા રોજ કમિશન મળશે’ની લાલચ આપી વૃદ્ધ સાથે 29.99 લાખ રૂપિયાની ઠગાઈ

**ઠગોએ** ઇન્વેસ્ટમેન્ટ સ્કીમમાં રોકાણ કરવાના બહાને સિનિયર સિટીઝનને ઠગી લીધો

**આઇપીઓના** બહાને વધુ રૂ. 89.88 લાખ માંગતા ભાંડો ફૂટ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરાના માંજલપુર વિસ્તારમાં રહેતા 61 વર્ષીય નિવૃત્ત સિનિયર સિટીઝનને ઓનલાઈન શેર ટ્રેડિંગમાં રોકાણ કરશો તો તમને રોજ 10થી 15 ટકા કમિશન મળશે તેવી લાલચ આપી હતી. ત્યારબાદ તેમને બોગસ ઈન્વેસ્ટમેન્ટ સ્કીમમાં રૂ.30 લાખ રોકાણ કરાવડાવ્યાં હતા. જેમાંથી વૃદ્ધનો વિશ્વાસ કેળવવા માટે રૂપિયા 1 હજાર તેમના ખાતામાં ક્રેડિટ કર્યા હતા. ઠગોએ બોગસ સેબીનું સર્ટિફિકેટ પણ મોકલ્યુ હતુ પરંતુ તમારા આઈપીઓ લાગ્યા હોય એકાઉન્ટમાં 1.21 કરોડના આઈપીઓ જમા કર્યા છે અને હવે વધુ રૂપિયા 89.88 લાખ ભરવા પડશે તેમ કહેતા વૃદ્ધને પોતાની સાથે ફ્રોડ થયો હોવાનો અહેસાસ થયો હતો. જેથી નિવૃત્ત જીવન ગુજારી રહેલા વૃદ્ધને રૂપિયા 29.99 પરત નહી મળતા તેઓએ ઠગાઈની ફરિયાદ સાયબર ક્રાઇમ સ્ટેશનમાં નોંધાવી છે.

માંજલપુર વિસ્તારમાં આવેલી માનવધર્મ આશ્રમ પાસે આવેલી સંધ્યા પાર્ક સોસાયટીમાં રહેતા દિનેશ કાંતિલાલ જોષીને ગત 16 મે 2025ના રોજ તેમના વોટ્સએપ પર મોબાઇલ નંબર પરથી મેસેજ આવ્યો હતો. મેસેજ મોકલનાર કંગના શર્મા નુવામા વેલ્થ કંપનીમાં ઈન્વેસ્ટમેન્ટ આસિસ્ટન્ટ છે અને બ્લોક ટ્રેડિંગ તથા ક્વાર્ટર પ્રોફિટ પ્લાનિંગમાં ઈન્વેસ્ટમેન્ટ કરાવે છે. ત્યારબાદ ઠગોએ રૂ. 5 લાખ ઈન્વેસ્ટમેન્ટ કરશો તો તેના પર દરરોજ તમને 10%થી 15% પ્રોફિટ મળશે એવી લાલચ આપી હતી. જેથી વૃદ્ધાએ આ સ્કીમમાં રસ દાખવ્યો અને ઈન્વેસ્ટ કરવા માટે રાજી થયા હતા.

જેથી ઠગોએ તેમને એક લિન્ક મોકલી તેનામાં તેમનું રજિસ્ટ્રેશન કરાવડાવ્યું હતું અને સિનિયર સિટીઝનને રૂ.30 લાખ રૂપિયા ઈન્વેસ્ટ કરવા માટે કહ્યું હતું. જેથી ઠગોએ ઠગોએ વૃદ્ધને કસ્ટમર કેર નંબર પર સંપર્ક કરવા જણાવ્યું હતું અને ઠગોએ મેસેજ પર વાત કરતા તેણે નુવામા કસ્ટમર સર્વિસના કર્મચારી તરીકે ઓળખ આપીને બોગસ સેબી સર્ટિફિકેટ મોકલી આપ્યું હતું. જેમાં એકાઉન્ટ નંબર તેમજ આઈએફએસસી કોડ આપ્યો હતો જેમાં તમે રૂ. 50 કરોડ જેટલી રકમ આ એકાઉન્ટમાં જમા લઈ શકો છો તેલુ લખેલું હતું. જેથી 18 મેના રોજ ઠગોએ આપેલા એકાઉન્ટમાં વૃદ્ધે રૂ.30 લાખ આરટીજીએસ દ્વારા ઈન્વેસ્ટ કરવા ટ્રાન્સફર કર્યાં હતા ત્યારે ઠગોએ તેમની વેબસાઈટના પોર્ટફોલિયોમાં રૂ.36.96 લાખ પ્રોફિટ સાથેનું બેલેન્સ બતાવવામાં આવ્યું હતું.

વૃદ્ધનો વિશ્વાસ વધારવા માટે ઠગોએ વોટ્સએપ કોલ કરીને વિડ્રોલ પ્રોસેસ સમજાવી હતી અને 1 હજાર રૂપિયા ઉપાડી આપ્યાં હતા. ત્યારબાદ ઠગોએ તેમને આઈપીઓ લાગ્યાં હોય તમારા એકાઉન્ટમાં રૂ.1.26 કરોડના આઈપીઓના જમા કરવામાં આવ્યા છે, પરંતુ તેના માટે તમારા વધુ રૂ. 89.88 લાખ વધુ ભરવા પડશે. આ વાત સાંભળી વૃદ્ધને શંકા અને વધુ રૂપિયા ભર્યા ન હતા. જ્યારે જેથી વૃદ્ધે વેબસાઈટ પર જઈને પ્રોફિટ સાથેના રૂ. 36.36 લાખ ઉપાડવા માટેનો પ્રયાસ કર્યો હતો પરંતુ રૂપિયા ઉપડ્યા ન હતા. ત્યારબાદ તપાસ કરતા ઠગો દ્વારા એકાઉન્ટ ડિસેબલ કરી દેવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારે સિનિયર સિટીઝનને પોતાની સાથે ફ્રોડ થયો હોવાનો અહેસાર થયો હતો. પરંતુ વૃદ્ધને રૂપિયા રોકાણ કરેલા રૂ.29.99 લાખ પરત નહી મળતા સાઈબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ઠગાઈની ફરિયાદ નોંધાવી છે.

# આજવા રોડ પર રિક્ષા ચાલકે રોડ પર રમતા ત્રણ ગલુડિયાને કચડી નાખતા મોત

**બેફામ** રિક્ષા ચલાવતા ચાલક સામે બાપોદ પોલીસ ગુનો દાખલ કર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરાના આજવા રોડ પર રોડ પર ત્રણ કુતરાના ગલુડિયા રમી રહ્યાં હતા. તે દરમિયાન રિક્ષા બેફામ રીતે રિક્ષા ચલાવીને આ બચ્ચા પર ચડાવી તેમને કચડી નાખ્યાં હતા. ત્યારે ગંભીર ઈજાઓના કારણે ત્રમ બચ્ચાના મોત નિપજાવ્યા હતા. પીપલ ફોર એનીમલ્સમાં અધ્યક્ષે રિક્ષા ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા બાપોદ પોલીસે રિક્ષા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેરના સયાજી ટાઉનશીપ પાસે હેમદીપ રેસિડેન્સીમાં રહેતા જતીન જિતેન્દ્રભાઇ વ્યાસ ભારત સરકારના એનીમલ વેલફેર ઓફ ઈન્ડીયામાં હોનેનરી એનીમલ વેલફેર રીપ્રેટીટીય તેમજ વડોદરા જીલ્લા પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટીમાં સેવા કાર્ય તેમજ વડોદરા શહેર પીપલ ફોર એનીમલ્સમાં અધ્યક્ષ તરીકે સેવા આપે છે. તેઓ 12 નવેમ્બરના રોજના રાત્રીના ઘરે હાજર હતા. ત્યારે તેમના સાડા નવેક વાગ્યા અરસામાં ફોન આવ્યો હતો કે આજવા રોડ ચાચા નહેરૂનગર પાસે અમરદીપ હોમ્સની સામે એક રિક્ષા ચાલક અજય ભરતભાઈ દેવીપુજકે તેની રિક્ષા બેફામ રીતે ચલાવીને ત્રણ નાના કૂતરાના ગલુડીયાને કચડી નાખ્યાં હતા.

જેથી તો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા ત્યારે ત્રણ ગલુડીયા મૃત્યુ પામેલી હાલતમાં પડેલા હતા. ચાલક અજય દેવીપુજક (રહે, મા શક્તિ ગુડાના માન સયાજી ટાઉનશીપ પાણીની ટાંકી સામે વડોદરા) પોતાની રીક્ષા લઈ ઊભા હતા. જેથી બાપોદ પોલીસે ગફલતભરી રીતે હંકારી લાવી રિક્ષા ચલાવીને શેરીમાં રમતા પણ ગગુડીયા કચડી નાખનાર ચાલક વિરુદ્ધ પીપલ ફોર એનીમલ્સમાં અધ્યક્ષે રિક્ષા ચાલક વિરુદ્ધ ફરિયાદ બાપોદ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### 50.410 કિલો ગાંજો લાવનાર કેરીયર પોલીસને જોઇ ટ્રેનમાં છુપાઇ ગયો હતો

# પુરી અમદાવાદ ટ્રેનમાંથી રૂ.25.20 લાખનો ગાંજો ઝડપાયો, કેરીયર ફરાર

**નશીલા** પદાર્થોની હેરાફેરી માટે કેરીયર તથા પેડલરોએ રેલવે માર્ગ અપનાવ્યો



(પ્રતિનિધિ) વડોદરા તા.13

પુરી અમદાવાદા એક્સપ્રેસ ટ્રેનમાંથી રૂ. 25.20 લાખનો 50.410 કિલો ગાંજાનો જથ્થો ઝડપાયો હતો. પોલીસ ચેકિંગમાં આવતી જોઇને કેરીયર ટ્રેનમાં કોઇ જગ્યા પર છુપાઇ ગયો હતો.

તાજેતરમાં પુરી અમાદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાંથી ગાંજાનો જથ્થો રેલવે પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો. હજુ પણ ટ્રેન મારફતે નશીલા પદાર્થની હેરાફેરી થતી રહેતી હોય છે. તેના કારણે રેલવે એલસીબી પોલીલ દ્વારા 13 નવેમ્બરનારોજ પુરી અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમમાં પેટ્રોલિંગમાં ફરી કરવામા આવી રહ્યું હતું. જેથી ત્યારે સુરત તરફ આવતા વ્યારા રેલવે સ્ટેશન આવતા પહેલા વિકલાંગ કોચના ટોયલેટમાં પાડિયાના બોલ્ટ ખોલી અંદરના ભાગે તપાસ કરતા પેકિંગ કરેલા બેગમાંથી 50.410 કિલો ગ્રામ રૂપિયા 25.20 લાખનો ગાંજાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. જોકે ચેકિંગમાં આવેલી પોલીસને જોઇને કેરિયર દ્વારા ગાંજાના જથ્થાની હેરાફેરી કરનાર કેરીયર ટ્રેનના ડબ્બામાં કાઇ છુપાઇ ગયો હતો. જેથી રેલવે પોલીસે ગાંજાનો જથ્થો કબજે કરીને કેરીયરની શોધખોળ શરૂ કરાઇ છે. એલસીબી દ્વારા ગાંજાનો જથ્થો સુરત પોલીસને સોંપવામાં આવ્યો છે.

# રણોલીમાં ડામરમાં ફસાઇ ગયેલી ગાયનો બચાવી લેવાઇ

(પ્રતિનિધિ) વડોદરા તા.13

રણોલી પાસે ઢોળાયેલા ડામરમાં ગાય ફસાઇ ગઇ હતી. જેમા જીવદયા સંસ્થાના કાર્યકરોએ ત્યાં આવી ગાયને ડામરમાંથી કાઢી તેનો જીવ બચાવ્યો હતો. ત્યારે ડામર નાખી જનાર સામે ભારે રોષની લાગણી ફેલાઇ છે.

વડોદરા શહેરના રણોલી વિસ્તારમાં ઈન્ડિયન ઓઈલ ના પેટ્રોલ પંપ પાસે કેટલાક તત્વો ડમર ભરેલા ટેન્કરો મુકી ગયા હતા. જેમાંથી મોટી માત્રામાં ડામર રોડ પર ઢોળાઇ ગયો હતો. દરમિયાન કોઇ ગાય ત્યાં ચારો ચરવા માટે ગઇ હતી ત્યારે આ ડમ્પરમાં ફસાઇ ગઇ હતી. જેની જાણ પ્રાણી ક્રુરતા નિવારણ સંસ્થાના કાર્યકરોને થતા તેઓ તાત્કાલિક ત્યાં પહોંચી ગયા હતા અને ગાયનો ડામરમાંથી કાઢીને તેનો જીવ બચાવ્યો હતો. ઉપરાંત ડામર નાખી જનાર શખ્સો સામે જીવદયા સંસ્થાના કાર્યકરોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

### ગર્લ્સ હોસ્ટેલમાં ઈન્સ્પેક્શન માટે મેલ સિક્યુરિટી ગાર્ડના પ્રવેશનો એબીવીપી દ્વારા વિરોધ

# MSUની હોસ્ટેલના મેસનો યુવક છાત્રાના ફોન નંબર મેળવી મેસેજ કરી હેરાનગતિ કરતો હોવાના આક્ષેપ

હોસ્ટેલમાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને પડતી હાલાકી મુદ્દે ચીફ વોર્ડનને રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા,તા.13

એમ.એસ.યુનિવર્સીટીની હોસ્ટેલોમાં છેલ્લા કેટલાંક સમયથી વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. શિયાળાની શરૂઆત થઈ ગઈ હોવા છતાં, હજુ સુધી કેટલાંક હોલમાં ગરમ પાણીની સુવિધા શરૂ કરવામાં આવી નથી. જેના કારણે વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જે મામલે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના વિદ્યાર્થી આગેવાનો કાર્યકરોએ ચીફ વોર્ડનને રજૂઆત કરી સમસ્યાનો ત્વરિત ઉકેલ લાવવા માંગણી કરી હતી.

એમ.એસ.યુનિવર્સીટીની ગર્લ્સ હોસ્ટેલમાં ન્હાવા માટેના પાણીની ગુણવત્તા નબળી થઈ ગઈ છે. જેના કારણે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય પર અસર થવાની શક્યતા છે. તાત્કાલિક સ્વચ્છ અને શુદ્ધ પાણીની વ્યવસ્થા કરવા સહિતના વિવિધ પ્રશ્ને ગુરુવારે ચીફ વોર્ડનને એબીવીપીના આગેવાન વેદ ત્રિવેદી અને ઋતુજા પલાંડે દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. સાથે બોયઝ હોસ્ટેલમાં પીવાના પાણી માટે લગાવાયેલા કુલરની સ્વચ્છતા જાળવવામાં બેદરકારી દાખવાઈ રહી છે. આસપાસ જીવજંતુઓની વધતી માત્રા પણ વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય માટે જોખમરૂપ બની છે. તેમજ વોશરૂમની મરામત અને સફાઈનું કાર્ય તાત્કાલિક હાથ ધરવાની પણ આવશ્યકતા છે. વિદ્યાર્થીઓ દ્વારા પીવાનું પાણી ગંદુ



અને દુર્ગંધયુક્ત હોવાનું ચીફ વોર્ડનને બતાવવામાં આવ્યું હતું. તે સિવાય, એચ.એમ. હોલની મેસમાં કામ કરતા એક યુવક દ્વારા મેસમાં ભોજન માટે આવતી છાત્રાઓના ફોન નંબર માંગવામાં આવ્યા અને બાદમાં તેમને મેસેજ કરી હેરાન કરવામાં આવ્યા હોવાનો ગંભીર મુદ્દો વિદ્યાર્થી પરિષદે ચીફ વોર્ડન સમક્ષ ઉઠાવ્યો છે. આ બાબતે સંડોવાયેલા વ્યક્તિ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. સાથે સાથે, ગર્લ્સ હોસ્ટેલમાં મેલ સિક્યુરિટી ગાર્ડ દ્વારા ઈન્સ્પેક્શન માટે પ્રવેશ કરવામાં આવે છે, જે બાબતને લઈને વિદ્યાર્થી પરિષદે ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો છે. પરિષદે સ્પષ્ટ રીતે માગ કરી છે કે ગર્લ્સ હોસ્ટેલમાં કોઈપણ પરિસ્થિતિમાં મેલ સિક્યુરિટી ગાર્ડ ન રાખવામાં આવે અને ત્યાં ફક્ત ફીમેલ સિક્યુરિટી સ્ટાફ જ મુકવામાં આવે, જેથી છાત્રાઓની ગોપનીયતા અને સુરક્ષા સુનિશ્ચિત થાય. આ તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા યુનિવર્સિટીના ચીફ વોર્ડનને તાત્કાલિક પગલાં લેવા ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે. એબીવીપીના આગેવાનોએ યુનિવર્સિટીના ચીફ વોર્ડનને તમામ મુદ્દાઓ પર 2 દિવસની અંદર યોગ્ય કાર્યવાહી અને વ્યવસ્થા કરવામાં આવે, નહીં તો વિદ્યાર્થી પરિષદ ઉગ્ર વિરોધ પ્રદર્શન કરશે અને તેની સંપૂર્ણ જવાબદારી યુનિવર્સિટી પ્રશાસનની રહેશે તેવી ચેતવણી પણ આપી હતી.

### ક્રાઇમ બ્રાન્ચે અજબડી મીલ પાસેથી ચોરીની બાઇક સાથે ચાર આરોપીને દબોચ્યાં, એક વોન્ટેડ

# ચેન સ્નેચિંગ, ઘરફોડ તથા વાહન ચોરીના અંજામ આપનાર ગેંગ ઝડપાઇ

**4 આરોપી** પાસેથી ચાંદીના 15 સિક્કા, 3 બાઇક અને રોકડ મળી રૂ.1.54 લાખો મુદ્દામાલ રિકવર કરાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા શહેરમા છેલ્લા ઘણા દિવસોથી ચેઇન સ્નેચિંગ, ઘરફોડ, ચોરી, વાહન ચોરી સહિતના બનતા ગુનાની સંખ્યા વધી રહી હતી. જેથી પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર તથા એડિશ્નલ પોલીસ કમિશનર ડો. લિના પાટી દ્વારા મિલકત સંબંધ ગુના અટકાવવા તેમજ આ ગુનાઓ પાછળ કોઇ ગેંગ હોય તો તેને ઝડપી પાડવા માટે ક્રાઇમ બ્રાન્ચને સુચના આપવામાં આવી હતી. જેને ધ્યાનમાં રાખીને ક્રાઇમ બ્રાન્ચની ટીમ શહેર વિસ્તારમાં ગેંગને ઝડપી પાડવા પેટ્રોલિંગમાં ફરતા હતા અને અજબડી મિલ ગૌરવ સોસાયટીના નાકે આવતા ચાર શખ્સો ત્રણ બાઇક પર ધસી આવ્યાં હતા. જેથી ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ચાર શખ્સોને બાઇક સાથે ઝડપી પાડવામાં આવ્યાં હતા અને તેમની અંગઝડતી કરવામાં આવી હતી ત્યારે તેમની પાસેથી લક્ષ્મીમાતાની આકૃતિવાળા 15 સિક્કા રોકડા રૂ.10 હજાર મળી આવ્યાં હતા. જેથી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ચાર આરોપી પાસે સિક્કા, બાઈક અને રોકડ રકમ બાબતેના પુરાવા માગતા તેઓરજૂ કરી શક્યાં હતા. જેથી તેમની કડકાઈથી પુછપરછ કરતા આરોપી સચિનસિંગ ટાંક, કરણસિંગ ઉર્ફે વિઠ્ઠલ દુધાણી તથા અજય મારવાડીએ સાથે મળીને દંતેશ્વર વહેલી સવારના સમયે મહિલાના ગળામાંથી સોનાની ચેન તોડી દીધી હતી બીજા બનાવમાં પ્રતાપનગર રેલવે કોની ખાતે રાત્રીના સમયે બંધ મકાનમાંથી ઘરફોડ તેમજ અજય મારવાડી તથા સન્ની સિંગ દુધાએ સાગરીત અજમ દુધાણી સાથે મળીને સમા ગામે બંધ મકામાંથી ઘરફોડને અંજામ આપ્યો હોવાની કબૂલાત કરી હતી. ઘરફોડ ચોરીના દાગીના સંજય સોનીને આપ્યાં હતા. જેથી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ચાર આરોપીઓને ઝડપી પાડીને તેમની પાસેથી ચાંદીના 15 સિક્કા રૂ.24 હજાર, રોકડા રૂપિયા 10 હજાર તથા ત્રણ બાઈક 3 મળી રૂ.1.20 લાખ સહિત રૂ. 1.54 લાખનો મુદ્દામાલ કબજે કરી મકરપુરા, સમા અને ફતેગંજ પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવતા પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



**ઝડપાયેલા આરોપીઓના સરનામા**

**સચિનસિંગ શિવાસિંગ ટાક** (રહે. વારસીયા, ખારી તલાવડી વડોદરા)

**અજય રમેશ મારવાડી** (રહે.એકતાનગર ઝુપડપટ્ટી, આજવા રોડ વડોદરા)

**સન્નસિંગ ઉર્ફે ટોન દર્શનસિંગ દુધાણી** (રહે. ખારી તલાવડી, વડોદરા)

**કરણસિંગ ઉર્ફે વિઠ્ઠલ દુધાણી** (રહે. વારસીયા ખારી તલાવડી ઝુપડપટ્ટી)

**અજય દર્શનસિંગ દુધાણી** (હે. વારસીયા, ખારી તલાવડી) -વોન્ટેડ

### ચેન સ્નેચિંગ કરવા તથા ફરીને બંધ ઘરની રેકી કરવા પહેલા બાઇકની ચોરી કરતા હતા

આ સિકલીગર ગેંગ દ્વારા વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારમાં ઘરફોડ, ચોરી, તથા મહિલાઓના ગળામાંથી સોનાની ચેન આંચકી લેવા ફરવાનું હોય તેના માટે પહેલા વાહનની જરૂ પડશે. જેથી ગેંગ પૈકીના કરણસિંગ દુધાણીએસાગરીત અજય દુધાણી સાથેમ ળીને ફતેગંજ બ્રિજ પાસેથી ડ્રીમ યુગા બાઇકની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. જેની ફરિયાદ ફતેગંજમાં નોંધાઇ હતી. જેમાં આરોપી અજય મારવાડી સામે 7 અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયા છે. જેમા એકવાર પાસા થયા છે. સન્નીસિંગ ઉર્ફે ટોન દર્શનસિંગ દુધાણી છ ગુના નોધાયા છે. જ્યારે કરણસિંગ ઉર્ફે વિઠ્ઠલ દર્શનસિંગ દુધાણી સામે પાંચ ગુન નોંધાયા છે. સચિનસિંગ ટાંક સામે બે પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુના નોંધાયા છે.

# જગતના તાતની જમીન પર ‘ગુંડા રાજ’! પાદરાના સાગમામાં કોર્ટ મેટર હોવા છતાં ગેરકાયદે કબજો

**માણેજાના** પરિવારોએ જીવના જોખમે કલેક્ટરને રજૂઆત કરી; ગુંડાઓ દ્વારા જાનથી મારી નાખવાની ધમકીના આક્ષેપો



(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા શહેરમાં કલેક્ટર કચેરી ખાતે આજે માણેજા ગામના વડીલોએ એક ગંભીર જમીન વિવાદ મુદ્દે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરી રજૂઆત કરી હતી. આ રજૂઆત પાદરા તાલુકાના સાગમા ગામની તેમની વડીલોપાર્જિત જમીન ગેરકાયદેસર રીતે પડાવી લેવા અને તેમાં ગુંડાઓ દ્વારા કબજો જમાવી પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપવા સંદર્ભે હતી.

વડીલોએ આપેલી માહિતી અનુસાર, સાગમા ગામની તેમની માલિકીની જમીનમાં કેટલાક અસામાજિક તત્વોએ ગેરકાયદેસર રીતે ગુંડાઓ મોકલીને કબજો જમાવી લીધો છે. પરિવારોને જાનથી મારી નાખવાના પ્રયાસો કરવામાં આવ્યા છે અને જમીનમાંથી તેમને બળજબરીપૂર્વક બહાર કાઢી મૂકવામાં આવ્યા છે.

આ મામલો વધુ ગંભીર એટલા માટે બને છે કે, સદર મિલકતની કાયદાકીય લડત ગુજરાત હાઈકોર્ટ, વડોદરા કોર્ટ તેમજ પાદરા કોર્ટમાં દાવા-પિટિશનના રૂપમાં ચાલી રહી છે. કાયદાકીય પ્રક્રિયા ચાલુ હોવા છતાં ગેરકાયદેસર રીતે કબજો કઈ રીતે મેળવી શકાયો, તે તપાસનો વિષય બન્યો છે. પોતાના અને પોતાના પરિવારના જીવનું જોખમ હોવાથી, માણેજા ગામના આ વડીલોએ ન્યાય અને સુરક્ષાની માંગણી સાથે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે લેખિતમાં રજૂઆત કરવા પહોંચ્યા હતા. આવેદનપત્રમાં પીડિત પરિવારોએ તેમની જમીન પરનો ગેરકાયદેસર કબજો તાત્કાલિક હટાવી દેવા, સંડોવાયેલા તત્વો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવા અને તેમના પરિવારને પૂરતી સુરક્ષા પૂરી પાડવા માટે જિલ્લા કલેક્ટરને વિનંતી કરી છે. સ્થાનિક ખેડૂતો અને જમીન માલિકો વચ્ચે આ ઘટનાને લઈ ભારે રોષ જોવા મળી રહ્યો છે, અને સૌની નજર હવે જિલ્લા વહીવટી તંત્રના આગામી પગલાં પર ટકેલી છે.